# :: સૂચનાઓ ::

## ...હોસ્ટેલ પ્રવેશ ફોર્મ માટેની અગત્યની તથા જરૂરી સૂચનાઓ...

**નોંધ :** **ફક્ત ભાવનગર યુનિવર્સિટી સંચાલિત કોલેજો જેવી કે (૧) સર પી.પી. ઈન્સ્ટી. ઓફ સાયન્સ, (૨) શામળદાસ આર્ટસ કોલેજ અને (૩) એમ. જે. કોલેજ ઓફ કોમર્સ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ સ્નાતક (યુ.જી.) હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે. અન્ય કોઈ બીજી સંલગ્ન કોલેજો કે ભવનો / કેન્દ્રોના વિદ્યાર્થીઓને આ હોસ્ટેલ ખાતે પ્રવેશ આપવામાં આવશે નહી.**

**અરજી પત્રક સાથે જોડવાના થતા જરૂરી દસ્તાવેજો / આધારો / નકલો.**

| ક્રમ | આધાર / દસ્તાવેજ | નકલની સંખ્યા |
|---|---|---|
| (૧) | ઉમેદવારનો તાજેતરનો કલર પાસપોર્ટ સાઈઝ ફોટો.<br>(૧– અરજી પત્રક માટે તથા ૧–ઓળખકાર્ડ માટે) | ૦૨ (બે) |
| (૨) | છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ / પ્રમાણપત્રની નકલ. | ૦૧ (એક) |
| (૩) | કોલેજમાં ફી ભર્યાની પહોંચની નકલ. | ૦૧ (એક) |
| (૪) | રીઝર્વ (અનામત) કેટેગરીમાં આવતા હોય તો તેના પ્રમાણપત્રોની નકલો. | ૦૧ (એક) |
| (૫) | રેશનકાર્ડની નકલ. (ઉમેદવારનું કે તેના વાલીનું નામ સ્પષ્ટ વંચાય તેમ) | ૦૧ (એક) |

- ➩ અરજી પત્રકમાં ફોટાની જગ્યાએ ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો લગાવી જે તે કોલેજના આચાર્યશ્રીની પાસે સહી તથા તેનો સિક્કો કરાવવાનો રહેશે.
- ➩ રીઝર્વ (અનામત) કેટેગરીમાં એટલે કે SC, ST, OBC, SEBC કે PH (શારિરીક ખોડખાપણ) જે અંગેનું યોગ્ય માન્યતા ધરાવતા પ્રમાણપત્રની નકલ જોડવી.
- ➩ અરજી પત્રક સાથે જોડવાના થતા જરૂરી આધારો / દસ્તાવેજો સ્પષ્ટ વાંચી કે જોઈ શકાય તેવા રજૂ કરવાના રહેશે તથા દરેક નકલો **ઉમેદવાર દ્વારા સ્વપ્રમાણિત** કરવાની રહેશે.
- ➩ ઉપરોક્ત દર્શાવેલ આધારો / દસ્તાવેજોની ફક્ત નકલ જ જોડવાની રહેશે અસલ દસ્તાવેજ જોડવાનો રહેશે નહી.
- ➩ આ સાથે સામેલ સ્નાતક (યુ.જી.) હોસ્ટલ અરજી પત્રકમાં માગવામાં આવેલ માહિતી વિદ્યાર્થીએ પોતાના સ્વહસ્તાક્ષરે સંપૂર્ણ ભરવાની રહેશે.
- ➩ અરજી પત્રકમાં જયા માગેલ છે ત્યા વાલી / પિતાની તથા વિદ્યાર્થીની સહી કરવાની રહેશે તથા કોઈ જગ્યાએ આ સહીઓ કે અન્ય માહિતી / વિગતો બાકી ન રહે તે ખાસ જોવું.
- ➩ અધુરી વિગતો વાળુ કે માગેલ આધારો કે દસ્તાવેજો વગરનું અરજી પત્રક સ્વીકારવામાં આવેશ નહી જેની સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી.
- ➩ આ સાથે સામેલ અરજી પત્રકની ફી રૂ.૫૦–૦૦ હોસ્ટેલ ફી સાથે ભરવાની રહેશે.

- **સંપૂર્ણ ભરેલ અરજી પત્રક જરૂરી આધારો / દસ્તાવેજો સાથે તથા સહી સિક્કાઓ કરાવ્યા બાદ હોસ્ટેલ કાર્યાલય ખાતે જાહેર રજાના દિવસો સિવાય નક્કી કરેલ સમયમર્યાદામાં જમા કરાવવાનું રહેશે.**

- **આ અરજી પત્રક હોસ્ટેલ કાર્યાલય ખાતે જમા કરાવ્યેથી નિયત થયેલ અરજીપત્રકની ફી, હોસ્ટેલ ફી તથા ડીપોઝીટની રકમ ભરવા માટે જરૂરી ફી ભરવા માટેનો ફી–મેમો હોસ્ટેલ કાર્યાલય ખાતેથી જે તે વિદ્યાર્થીએ લઈ ફી ભરવા માટે યુનિવર્સિટી કાર્યાલય ખાતે જવાનું રહેશે.**

- યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફી ભર્યેથી બે નકલોમાં પહોંચ (અસલ (ગુલાબી કલર) તથા ડુપ્લીકેટ (પીળો કલર)) મેળવી એક નકલ (ડુપ્લીકેટ (પીળો કલર)) હોસ્ટેલ કાર્યાલય ખાતે જમા કરાવ્યેથી હોસ્ટેલના રૂમની ફાળવણી કરવામાં આવશે.

- હોસ્ટેલ કાર્યાલય ખાતેથી ફી ભર્યાની પહોંચ જમા કરાવ્યેથી હોસ્ટેલ દ્વારા ઓળખકાર્ડ આપવામાં આવશે. ઓળખકાર્ડમાં જરૂરી વિગતો ભરી ફોટો લગાવી જરૂરી સહિ–સિક્કાઓ જે તે હોસ્ટેલના રેકટરશ્રી પાસે કરાવવાની અંગત જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

- હોસ્ટેલના રૂમની ફાળવણી થયે જે તે વિદ્યાર્થીએ સંપૂર્ણ કબજો સંભાળી લેવાનો રહેશે તથા ફર્નિચર તથા અન્ય સામાન તથા રૂમની જવાબદારી જે તે વિદ્યાર્થીની અંગત રહેશે.

- હોસ્ટેલ ફી ભર્યેથી આપવામાં આવતી અસલ પહોંચ (ગુલાબી કલર) વિદ્યાર્થીએ સાચવીને રાખવાની રહેશે. વર્ષના અંતે રૂમ પરત સોંપ્યા બાદ / જમા કરાવ્યા બાદ ડીપોઝીટ લેવા માટે જરૂરી ફોર્મ સાથે આ અસલ પહોંચ (ગુલાબી કલર) જોડવી ફરજીયાત છે.

- દરેક વિદ્યાર્થીઓએ ભારતીય **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા**માં પોતાનું બેંક ખાતુ ખોલાવી લેવાનું રહેશે. ડીપોઝીટની રકમ જે તે વિદ્યાર્થીના ખાતામાં જમા થતી હોય બેંક ખાતાની પાસબુકની નકલ ડીપોઝીટ પરત મેળવવાના ફોર્મ સાથે જોડવાની રહેશે.

- ફકત **SBI** માં જ બેંક ખાતુ ખોલાવવાનું હોય તેની જવાબદારી તથા તકેદારી જે તે વિદ્યાર્થીએ રાખવી.

______________________

વિદ્યાર્થીની સહી

| રૂમ નંબર – | વર્ગ – | ફોર્મ ફી રૂા. ૫૦/– |
|---|---|---|

# ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત ગ્રેડ 'બી'

## ભાવનગર યુનિવર્સિટી સંચાલિત કૉલેજ (યુ.જી.) હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાનું

## :: અરજીપત્રક ::

અરજી મળ્યા તા.    /    /૨૦

પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ અહીં લગાવવો

ઉપરોક્ત ફોટોગ્રાફ જે તે કૉલેજના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરી સહી કરાવવી

પ્રતિ,
આચાર્યશ્રી / રેક્ટરશ્રી,
(૧) સર પી. પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ કૉલેજ / હોસ્ટેલ
(૨) શામળદાસ આર્ટ્સ કૉલેજ / હોસ્ટેલ
(૩) એમ. જે. કૉમર્સ કૉલેજ / હોસ્ટેલ

મે. સાહેબશ્રી,

હું ભાવનગર યુનિવર્સિટી સંચાલિત કૉલેજમાં અભ્યાસ કરું છું તથા આપની હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છું છું. મારી અન્ય વિગતો નીચે મુજબ છે તો મને સ્નાતક (યુ.જી.) હોસ્ટેલમાં પ્રવેશ આપવા વિનંતી.

(૧) વિદ્યાર્થીનું નામ : ..................................................
(અટક) (નામ) (પિતા/વાલીનુંનામ)

(૨) ઘરનું કાયમી સરનામું : (નામ) ..................................................
(જ્યાં વાલી રહેતા હોય) પિતા/વાલીનું નામ : ..................................................
શેરી .................................... ગામ ....................................
તાલુકો .................................... જીલ્લો ....................................
ફોન (ઘર) .................................... મોબાઈલ નંબર ....................................
વાલી સાથેનો સંબંધ ..................................................

(૩) પત્રવ્યવહારનું સરનામું : (નામ) ..................................................
શેરી .................................... ગામ ....................................
તાલુકો .................................... જીલ્લો ....................................
ફોન (ઘર) .................................... મોબાઈલ ....................................

(૪) તમારા કોઈ સગા કે સંબંધી ભાવનગર શહેરમાં રહેતા હોય તો તેમનું સરનામું :
(નામ) ..................................................
શેરી .................................... ગામ ....................................
તાલુકો .................................... જીલ્લો ....................................
ફોન (ઘર) .................................... મોબાઈલ ....................................
સગા કે સંબંધી સાથેનો સંબંધ ..................................................

(પાછળ...)

(૫) જન્મ તારીખ : .................................................. ઉંમર વર્ષ : ..................................................

જન્મ સ્થળ : (ગામ) .................................. તાલુકો .............................. જીલ્લો ..............................

(૬) છેલ્લે જે સંસ્થામાં અભ્યાસ કર્યો તે સંસ્થાનું નામ : ..................................................

..................................................................................................................................

(૭) છેલ્લે પાસ કરેલ પરીક્ષા : .................................................. મેળવેલ ટકા/ગ્રેડ : ..............................

(૮) પરિણીત કે અપરિણીત : ..................................................

(૯) ચાલુ વર્ષે જે કૉલેજમાં અભ્યાસ કરતા હોય તેનું નામ : ..................................................

વર્ગ : .............................................. વિદ્યાશાખા : .............................. વિષય : ..............................

કૉલેજ પ્રવેશ પહોંચ નંબર : .................................................. તારીખ : ..................................................

(૧૦) જો તમે અનુસૂચિત જાતિ / જનજાતિ અથવા વિચરતી જાતિ અથવા વિમુકત જાતિ અથવા બક્ષીપંચ /

સા.શૈ.પછાત વર્ગમાં આવો છો ? હા ☐ ના ☐

જો 'હા' તો, (ટીક કરો) S.C. ☐ S.T. ☐ S.E.B.C (OBC) ☐

(૧૧) આપ ગયા વર્ષે હોસ્ટેલમાં રહેતા હતા ? હા ☐ ના ☐

જો 'હા' તો, અભ્યાસ વર્ષ .................................... રૂમ નંબર : ....................................

નોંધ-હોસ્ટેલમાં રહેવા માટે સત્ર દીઠ ફી રૂા. ૧,૦૦૦/- મળી કુલ રૂા. ૨,૦૦૦/-
તેમજ હોસ્ટેલ ડીપોઝીટ રૂા. ૫૦૦/- ભરવાની રહેશે.
(ડીપોઝીટની રકમ હોસ્ટેલ છોડયા પછીથી અરજી કર્યા બાદ નિયમોને આધીન પરત મળવાપાત્ર રહેશે)

## ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે

હોસ્ટેલ : સાયન્સ : ☐ આર્ટ્સ : ☐ કૉમર્સ : ☐

અભ્યાસ વર્ષ (વર્ગ) : **F.Y.** ☐ **S.Y.** ☐ **T.Y.** ☐ **Other** ☐

અભ્યાસ વર્ષ (વર્ગ) : **B.Sc.** ☐ **B.A.** ☐ **B.Com.** ☐ **Other** ____________

કૉલેજ ફી રસીદ નંબર : .............................. તારીખ : ..............................

ફાળવવામાં આવેલ રૂમ નંબર : ....................................

હોસ્ટેલ સત્ર ફી રસીદ નંબર : .................................... તારીખ : ..............................

હોસ્ટેલ ડીપોઝીટ રસીદ નંબર : .................................... તારીખ : ..............................

હોસ્ટેલ કલાર્ક | હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડન્ટ / રૅકટર

## કૉલેજના આચાર્યશ્રીએ પ્રમાણિત કરવું

વિદ્યાર્થીશ્રી..................................................................................................................

સ્નાતક વિદ્યાર્થી તરીકે આ કૉલેજમાં વર્ગ ...................... માં એકેડેમિક વર્ષ : ...................... માટે અભ્યાસ કરે છે તથા તેમણે નિયમ મુજબની કૉલેજ ફી ભરેલ છે. આ વિદ્યાર્થીને સ્નાતક (યુ.જી.) હોસ્ટેલમાં પ્રવેશ આપવા ભલામણ કરવામાં આવે છે. / આવતની નથી. (વિદ્યાર્થીએ કૉલેજ ફી ભર્યાની પહોંચ બતાવવાની રહેશે.)

કૉલેજ કલાર્ક | આચાર્યશ્રીની સહી તથા સિક્કો

# :: સ્નાતક હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટેના શિસ્ત પાલનના નિયમો ::

(૧) વિદ્યાર્થીએ તેમને ફાળવવામાં આવેલી રૂમ અને જગ્યાનો તરત જ કબજો લઈ લેવો અને હોસ્ટેલમાં રેકટરશ્રીની પૂર્વ મંજૂરી સિવાય કોઈપણ સંજોગોમાં તેમાં ફેરફાર કરવો નહિ.

(૨) વિદ્યાર્થીએ રૂમનો કબજો મેળવ્યા પછી તરત જ તેમને ફાળવવામાં આવેલ ફર્નિચર વગેરેની યાદીમાં સહી કરાવી અને જો કંઈ નુકસાની અથવા ખોટ હોય તો તેની જાણ તુરત જ રેકટરશ્રીને કરવી. પોતાના રૂમમાં ઈલેકટ્રીક સગડી, હીટર, ઈસ્ત્રી, ટોસ્ટર, કીટલી વગેરે જેવા સાધનો ઉપયોગ કરી શકશે નહિ તેમજ આપેલા ઈલેકટ્રીક વાઈરીંગમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરી શકશે નહિ. આમ કરતાં પકડાશે તો તેમનો પ્રવેશ તાત્કાલીક રદ થશે.

(૩) વિદ્યાર્થીઓએ પોતાની રૂમ અને આસપાસની જગ્યા સુઘડ અને પોતે જે હોસ્ટેલમાં રહેતા હોય તેમાં સ્વચ્છતા જળવાઈ રહે તે જોવાનું રહેશે.

(૪) હોસ્ટેલ તરફથી ફાળવવામાં આવેલ ફર્નિચર વિદ્યાર્થીઓ દ્વારા ખસેડી અથવા અદલાબદલી કરી શકશે નહિ.

(૫) હોસ્ટેલના મકાન તથા અન્ય ચીજવસ્તુઓને જે નુકસાન થાય તે બદલ જે તે વિદ્યાર્થી જવાબદાર રહેશે અને તે બદલ રેકટરશ્રી / આચાર્યશ્રી / યુનિવર્સિટી સત્તાધીકારીઓ જે નક્કી કરે તે નુકસાની ભરવાની પડશે.

(૬) વિદ્યાર્થીઓએ વીજળી તથા પાણીના ઉપયોગમાં બને તેટલી કરકસર કરવી, જ્યારે જરૂર ન હોય ત્યારે લાઈટ, પંખો કે અન્ય વિદ્યુત ઉપકરણો બંધ રાખવા.

(૭) વિદ્યાર્થીઓએ રાત્રે ૧૦:૦૦ (દસ) વાગ્યા સુધીમાં બહારથી પાછા હોસ્ટેલમાં આવી જવું. રાત્રે ૧૦:૦૦ (દસ) વાગ્યા પછીની ગેરહાજરી માટે રેકટરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૮) હોસ્ટેલમાં શાંતિ જળવાઈ રહે તેવી વર્તણૂંકની વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે. ખાસ કરીને સહવિદ્યાર્થીઓને અને આસપાસ રહેલી વ્યક્તિઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે તેમણે જોવું તેમજ તેમનો દરેક વ્યવહાર શિસ્ત અને સૌમ્યતા ભર્યો રાખવો.

(૯) હોસ્ટેલના રેકટરશ્રીની મંજૂરી સિવાય કોઈ મહેમાનને હોસ્ટેલમાં રાખી શકાશે નહિ. તેમજ રાત્રે ૯:૦૦ (નવ) વાગ્યા પછી રહી શકશે નહિ.

(૧૦) જો કોઈ વિદ્યાર્થી બીમાર હોય તો તેણે હોસ્ટેલના રેકટરશ્રીને તુરત જાણ કરવી.

(૧૧) હોસ્ટેલના રેકટરશ્રીની પૂર્વ લેખિત મંજૂરી સિવાય કોઈપણ વિદ્યાર્થી હોસ્ટેલમાં ગેરહાજર રહી શકશે નહિ.

(૧૨) સત્રના સામાન્ય ગાળા સિવાય અને વેકેશનમાં કોઈ વિદ્યાર્થી હોસ્ટેલમાં રહી શકશે નહિ.

(૧૩) વેકેશનમાં જતી વખતે અને હોસ્ટેલ છોડતી વખતે વિદ્યાર્થીઓએ તેમને આપેલ ફર્નિચર તથા અન્ય સામાન વગેરેનો હવાલો હોસ્ટેલના રેકટરશ્રીને હાથોહાથ પરત કરવો.

(૧૪) દરેક વિદ્યાર્થીઓએ કોલેજના આચાર્યશ્રી તથા હોસ્ટેલના રેકટરશ્રી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર તેમની પાસે રાખવાનું રહેશે તથા રેકટરશ્રી દ્વારા માગતા તેઓને બતાવવાનું રહેશે.

(૧૫) રેકટરશ્રી / આચાર્યશ્રી તેમજ હોસ્ટેલના અધિકારીઓ અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓ નિરીક્ષણ માટે હોસ્ટેલના રૂમની ગમે તે સમયે મુલાકાત લઈ શકશે તથા તેમને વિદ્યાર્થીઓએ સાથ-સહકાર આપવાનો રહેશે.

(૧૬) વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે કિંમતી ચીજવસ્તુઓ છાત્રાલયમાં રાખવી નહી અને જો આમ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

(૧૭) રસોડું ચલાવવા માટે સહકારી મંડળ બનાવવાની વિદ્યાર્થીઓને પોતાના જ હિતમાં સલાહ આપવામાં આવે છે.

(૧૮) રેકટરશ્રીઓ / અધિકારીઓ દ્વારા વખતો વખત આપવામાં આવતી સૂચનાઓનું બધા જ વિદ્યાર્થીઓએ પાલન કરવાનું રહેશે.

(૧૯) જો કોઈ વિદ્યાર્થી ગેરશિસ્તભર્યું વર્તન આચરશે કે સમાન્ય વાતાવરણને ખરાબ રીતે અસર થાય તેવું વર્તન કરશે અથવા ઉપર જણાવેલ નિયમો કે રેકટરશ્રીઓએ આપેલ સૂચનાઓનું ઉલ્લંઘન કરશે તો તેના દંડ સ્વરૂપે હોસ્ટેલ અથવા કોલેજમાંથી હંગામી / કાયમી ધોરણે પ્રવેશ રદ્દ થવા પાત્ર રહેશે.

(૨૦) ઉપરોક્ત નિયમોમાં રેકટરશ્રી / આચાર્યશ્રી સ્થાનિક પરિસ્થિતિના સંદર્ભમાં જરૂરી જણાય તેટલી હદે ફેરફાર કરી શકાશે જે તમામ હોસ્ટેલના વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે.

(૨૧) દરેક વિદ્યાર્થીએ પોતાનો રૂમ સ્વચ્છ તથા વ્યવસ્થિત રાખવો. રૂમમાં રસોઈ બનાવવાની મનાઈ છે.

(૨૨) હોસ્ટેલમાં કોઈપણ જાતનો પ્રચાર કરવો, ફંડફાળો ઉઘરાવવો, મીટિંગ ભરવી વગેરે પ્રકારની પ્રવૃતિઓ રેકટરશ્રીની પરવાનગી વગર ચલાવવા દેવામાં આવશે નહિ, જે છાત્રો આવી પ્રવૃતિઓ વગર પરવાનગીએ ચલાવશે તો તેઓ શિક્ષાને પાત્ર થશે અને આ બાબતમાં રેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(પાછળ...)

(૨૩) વિદ્યાર્થીઓએ પોતપોતાની વસ્તુઓ સાચવવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આ અંગે કોઈપણ જાતનો દાવો માન્ય રહેશે નહી.

(૨૪) હોસ્ટેલ અંગેની કોઈપણ મુશ્કેલી હોય તો પ્રથમ રેકટરશ્રી / અધિકારીશ્રીનો સંપર્ક કરવો. ત્યારબાદ જ જવાબદાર વ્યકિતનો સંપર્ક કરવાનો રહેશે.

(૨૫) <u>કોઈપણ સ્ત્રી મહેમાનને કોઈપણ સંજોગોમાં હોસ્ટેલમાં કે પોતાના રૂમમાં કોઈપણ સમયે આવવા દેવામાં આવશે નહિ.</u>

(૨૬) પરીક્ષાઓ પૂર્ણ થયે અથવા સત્ર પૂર્ણ થયે, બે પૈકી જે વહેલું હોય તે પ્રમાણે રૂમ ખાલી કરવાનો રહેશે અને રેકટરશ્રી દ્વારા જણાવવામાં આવે ત્યારે હોસ્ટેલની ફી નિયત મર્યાદામાં ભરવાની રહેશે.

(૨૭) હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ કોઈપણ વિદ્યાર્થી હોસ્ટેલ પરીસરમાં અન્ય વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની હેરાનગતી–તકલીફ થાય તેવું ગેરવર્તન કે રેગીંગ કે ગેરશિસ્ત આચરનાર પર યુનિવર્સિટી, રાજ્યસરકાર અને કેન્દ્રસરકારના નિયમાનુસાર પગલા લેવામાં આવશે અને આવા વિદ્યાર્થીઓનો પ્રવેશ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.
(સુપ્રીમ કોર્ટના આદેશથી)

(૨૮) નોકરી કરતા તથા અન્ય કોઈ આવકપાત્ર કામગીરી સાથે સંકળાયેલા વિદ્યાર્થીને હોસ્ટેલમાં પ્રવેશ મળશે નહીં. તેમ છતાં હોસ્ટેલમાં પ્રવેશ મેળવ્યા બાદ પણ ઉપર મુજબની કામગીરીમાં જોડાય તો તાત્કાલીક અસરથી તેનો પ્રવેશ રદ્દ થશે.

(૨૯) હોસ્ટેલ પરિસરમાં કોઈપણ પ્રકારના પ્રતિબંધિત પદાર્થો, પીણા કે અન્ય ચીજવસ્તુઓ લાવવાની સખ્ત મનાઈ છે.

(૩૦) રૂમની ફાળવણી તથા રૂમ–પાર્ટનરની વ્યવસ્થા અંગે રેકટરશ્રીનો નિર્ણય અંતિમ રહેશે. તેમજ વિદ્યાર્થી પોતાની જાતે રૂમ બદલાવવાનો કોઈ અધિકાર રહેશે નહીં.

(૩૧) રેકટરશ્રીને કોઈપણ ફોર્મ સ્વીકારવું કે ન સ્વીકારવાની સંપૂર્ણ સત્તા છે. તેમજ તે કોઈપણ કારણ આપ્યા વગર તે રદ્દ કરી શકે છે.

(૩૨) યુનિવર્સિટી / હોસ્ટેલ દ્વારા વખતો વખત જરૂર પડયે વિદ્યાર્થીએ જે તે સમયે અને સ્થળે સુચના મુજબ હાજરી આપવા માટે હાજર રહેવાનુ રહેશે તથા જરૂર પડે પિતા / વાલીએ હાજર રહેવાનું રહેશે.

(૩૩) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને મળવા આવનાર તમામ મહેમાનો કે મુલાકાતીઓએ સિકયુરીટી ગાર્ડ હસ્તકના મુલાકાતી રજીસ્ટરમાં આવન–જાવનની નોંધ કરવાની રહેશે તથા તે મુજબ અનુસરવાનું રહેશે.

ઉપરોકત તમામ નિયમો હોસ્ટેલમાં રહેતા દરેક વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે તથા કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓ દ્વારા આ નિયમોમાં ફેરફાર કે કોઈપણ જાતની બાંધછોડ કરી શકશે નહી.

..................................................                                                  ..................................................

પિતા / વાલીની સહી                                                  વિદ્યાર્થીની સહી

## :: વિદ્યાર્થીનું બાંહેધરી પત્ર ::

હું નીચે સહી કરનાર (પુરૂ નામ) ..........................................................................................................

ભાવનગર યુનિવર્સિટી સંચાલિત કૉલેજ (યુ.જી.) હોસ્ટેલમાં ૨૦      ના વર્ષના પ્રથમ / દ્વિતિય સત્રમાં પ્રવેશ મેળવવા માટે નમ્ર વિનંતી કરું છું. વધુમાં મે હોસ્ટેલના નીતિ નિયમો વાંચ્યા છે અને આથી કબુલ કરું છું જો મને પ્રવેશ આપવામાં આવશે તો હું તેનું સંપૂર્ણ પાલન કરીશ. ઉપરાંત હું બંધાઉ છુ કે જયાં સુધી હું હોસ્ટેલનો તેમજ કૉલેજનો વિદ્યાર્થી રહીશ ત્યા સુધી હોસ્ટેલની અંદર કે બહાર, હોસ્ટેલ તથા કૉલેજના શિસ્તબદ્ધ કાર્યવાહીની વિરૂદ્ધ કશું કરીશ નહિ અને વખતો વખત સંસ્થા તરફથી નક્કી થતાં નિયમોનું પાલન કરીશ.

સ્થળ ..............................                                  ..........................................

તારીખ ............................                                  વિદ્યાર્થીની સહી

## :: પિતા અગર વાલીનું બાંહેધરી પત્ર ::

જો મારા પુત્ર / આશ્રિતને હોસ્ટેલમાં દાખલ કરવામાં આવશે તો તેની વર્તણુંક તથા રહેણી કરણી માટે હું જવાબદાર છું અને જયાં સુધી હોસ્ટેલમાં રહી તેનો અભ્યાસક્રમ પુરો કરે ત્યાં સુધી તેની સંપૂર્ણ ફી વગેરે નિયમ મુજબ નિયત સમયે ચૂકવવા માટે બંધાઉ છું અને વખતો વખત હવે પછીના જે નીતિ નિયમો અમલમાં આવશે તે મને, મારા પુત્ર / આશ્રિતને બંધનકર્તા રહેશે. તેની હું આ લેખિત ખાત્રી આપું છું.

પિતા / વાલીનું નામ : ..........................................................................................................

ફોન / મોબાઈલ નંબર : ............................................ વિદ્યાર્થી સાથેનો સંબંધ : ..........................................

સ્થળ ..............................                                  ..........................................

તારીખ ............................                                  પિતા / વાલીની સહી